Cover Page 1

પૃથ્વી પરનું જીવન પ્રગતિ માટેનું ક્ષેત્ર છે. અહીં, પૃથ્વી ઉપર આપણા ભૌતિક અસ્તિત્વના સમયગાળા દરમિયાન જ પ્રગતિ શક્ય બને છે અને ચૈત્યપુરુષ, પોતે જ પોતાની ઉત્ક્રાંતિ તેમજ વિકાસને સુગઠિત કરીને એક જીવનમાં કરાયેલી પ્રગતિને બીજા જીવનમાં દોરી જાય છે.

શ્રી માતાજી

(CWM. Vol. 9 - P - 270)

અર્પણ

(આધ્યાત્મિક વિકાસ, એ જ આપણા પૃથ્વી પરના જીવનનો ખરો હેતુ છે)

અખિલ ભારત પત્રિકા

શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા.

માર્ચ-૨૦૦૯ વર્ષ : ૩૩ અંક : ૦૬ સળંગ અંક ૩૯૨

અનુક્રમ

પરિપૂર્ણ ભેટ	૩
રાધાની પ્રાર્થના	૭
અને દ્વાર ખૂલે છે	૮
શંકાનું તત્ત્વ	૧૨
સંશયવાદ	૧૫
આરામ અને વિશ્રાંતિ	૧૮
મોટાભાગના લોકોને મન આરામ એટલે	
આનંદ-પ્રમોદ શું અનિવાર્ય છે ?	
હળવાશ કઈ રીતે અનુભવવી !	
સાચો આરામ	

❀

પરિશિષ્ટ

૨૯ માર્ચ, ૧૯૧૪	૨૬
એપ્રિલ ૪, ૧૯૧૦	૨૮

❀

વૃત્ત વિશેષ	૩૦

પરિપૂર્ણ ભેટ

એક માણસે મને લખ્યું, ''હું બહુ જ દુઃખી છું, કારણ કે ભગવાનને ચરણે, સાક્ષાત્કાર માટે, ભગવાનના કાર્ય માટે, મૂકવા માટે હું આશ્ચર્યકારક શક્તિઓની ઇચ્છા રાખું છું. ભગવાનને ચરણે મૂકવા માટે, તેમના કાર્ય માટે હું ખૂબ સમૃદ્ધિની ઇચ્છા રાખું છું.'' એટલે મેં તેને જવાબ આપ્યો કે- ''તમારે દુઃખી થવાની જરૂર નથી. દરેક જણની પાસે જે હોય તેનું સમર્પણ કરવાની માગણી તેની પાસે કરવામાં આવે છે, અર્થાત્ જે વસ્તુઓ, શક્તિઓ જેની પાસે હોય તેવી, અને તે જે છે તેની, તેની સર્વ શક્યતાઓની માગણી કરવામાં આવે છે. એનો અર્થ એ છે કે - તમારે તમારા જીવનનું અને સર્વ માલિકીની વસ્તુઓનું સમર્પણ કરવાનું છે, તેનાથી વધારે કશાનું નહિ. તમે જે છો તેને સમર્પિત કરો. તમારી પાસે જે કાંઈ છે તેનું સમર્પણ કરો. તે રીતે તમારી ભેટ પરિપૂર્ણ બની જશે. આધ્યાત્મિક દૃષ્ટિબિન્દુથી જોતાં તે ભેટ પરિપૂર્ણ બની જશે. આનો આધાર તમારી ધન-સંપત્તિની રકમ ઉપર અથવા તમારા સ્વભાવમાં રહેલી શક્તિઓની સંખ્યા પર નથી હોતો. તેનો આધાર તમારી ભેટની પરિપૂર્ણતા પર હોય છે, તમારી ભેટની સમગ્રતા પર હોય છે. મેં એક ભારતીય પુરાણ-ગ્રંથમાં આ વાર્તા વાંચી હતી, જે મને યાદ આવે છે. એક બહુ જ ગરીબ, વૃદ્ધ સ્ત્રી હતી. તેની પાસે કાંઈ જ ન હતું. તે નિરાધાર હતી, અનાથ હતી. તે એક દુઃખમય, નાનકડી ઝુંપડીમાં રહેતી હતી. તે સ્ત્રીને એક કેરીનું ફળ આપવામાં આવ્યું હતું. તેણે તેમાંથી અડધી કેરી ખાધી હતી, અને બાકીની અડધી બીજા દિવસ માટે રાખી હતી. કારણ કે કેરી જેવું આશ્ચર્યકારક ફળ તેને ભાગ્યે જ પ્રાપ્ત થતું હતું. રાત પડી ત્યારે કોઈકે તેનું ઝુંપડીનું ખખડી ગયેલું દ્વાર ખખડાવ્યું. તે ત્યાં રાતવાસો ગાળવા માગતો હતો. તેણે તે સ્ત્રીને કહ્યું કે- 'હું તમારી ઝુંપડીમાં અતિથિ બનીને આશ્રય માગું છું. હું ભૂખ્યો છું.' તે સ્ત્રી બોલી કે 'તમને ગરમી આપવા માટે મારી પાસે અગ્નિ નથી, કામળો નથી; મારી પાસે માત્ર અડધી કેરી છે; મેં અડધી ખાધી છે; તે જોઈએ તો હું તે તમને આપું.' તે અતિથિ ભગવાન શિવ પોતે હતા. તે સ્ત્રીએ પોતાની તથા પોતાની પાસે જે કાંઈ હતું તેની પરિપૂર્ણ ભેટ આપી હતી; તેથી તે આંતર જ્યોતિથી પરિપૂર્ણ બની ગઈ.

મને તે વાર્તા ભવ્ય લાગી. તે સમર્પણની ભાવનાને સુંદર રીતે સ્પષ્ટ કરે છે. સમર્પણ એવું જ હોવું જોઈએ.

શ્રીમંત લોકો પાસે જીવનમાં અનેક વસ્તુઓ હોય છે. પણ વધેલી વસ્તુઓમાંથી તેઓ ભગવાનને ભેટ ધરાવતા હોય છે. તેમની પાસે જરૂર કરતાં વધારે પૈસા હોય છે. જરૂર કરતાં વધારે વસ્તુઓ હોય છે. અને ઉદારતાપૂર્વક તેમાંથી તેઓ ભગવાનને ભેટ ધરાવતા હોય છે. કશું જ ન આપવા કરતાં તે વધારે સારું છે. પણ તે વધારેમાંથી અપાયેલી ભેટ લાખો રૂપિયાની હોય, તો પણ તે અડધી કેરી કરતાં ઓછી ભેટ છે. કારણ કે ભેટનું મૂલ્ય જથ્થા ઉપરથી અથવા ગુણવત્તા ઉપરથી નથી અંકાતુ. તેનું મૂલ્ય સમર્પણમાં રહેલી દિલની સચ્ચાઈ પરથી અને સમર્પણની સમગ્રતા ઉપરથી અંકાય છે.

પણ સામાન્ય જીવનમાં, જ્યારે શ્રીમંત માણસો પોતાની સંપત્તિ ભગવાનને અર્પણ કરતા હોય છે, ત્યારે ભગવાન તેમની સામે નથી હોતા, તો પછી કોને સંપત્તિ આપે ? પૈસા ક્યાં આપવા તે તેઓ જાણતા હોતા નથી.

હા, પણ પછી તો પ્રશ્ન ઊભો જ થતો નથી. જો તેમણે પોતાની અંદર કે બહાર ભગવાનને પ્રાપ્ત ન કર્યા હોય, તો પછી પ્રશ્ન જ ઉદ્ભવતો નથી. જેમને તે જાણતા હોતા નથી તેમને આપવાનું તેમને કહેવામાં આવતું નથી.

જો તેમણે પોતાની અંદર ભગવાનને પ્રાપ્ત કર્યા હોય, તો પોતાની પાસે જે કાંઈ હોય તેના ઉપયોગ માટે તેમણે માત્ર ભગવાનના સૂચનને જ અનુસરવાનું રહે છે. જો તે પ્રાપ્ત કરેલાં સૂચનોને દિલની સચ્ચાઈપૂર્વક અને ચોક્કસપણે અનુસરે, તો તેમની પાસે માત્ર એટલી જ માગણી કરવામાં આવે છે. પણ ત્યાં સુધી, કોઈની પાસે કોઈ પણ વસ્તુની માગણી કરવામાં આવતી હોતી નથી.

જ્યારે કોઈ માણસ કહે છે કે – 'હું આ રહ્યો; મારે ભગવાનને મારી જાત સમર્પિત કરવી છે.' ત્યારે જ તે પ્રશ્ન પૂછવાની શરૂઆત કરતો હોય છે, તે પૂછવાની ક્ષણથી, બધું બરાબર ઠીકઠાક થઈ રહે છે, ત્યાર પહેલાં નહિ. ત્યાર પહેલાં, જો તમે તમારા ખિસ્સામાંથી એક સિક્કો કાઢીને ત્યાં મૂકો, તો

તે સારું છે-બહુ સારું છે. જે તમને કરવા જેવું લાગ્યું તે તમે કર્યું છે; બસ, એટલું જ-તમારી પાસે કોઈ વસ્તુની માગણી કરવામાં આવતી જ હોતી નથી. ભગવાન તમને સ્વીકારે તેવી માગણી કરવી અને સદ્-ભાવનાભર્યું કોઈ કૃત્ય કરવું, એ બે વચ્ચે મોટો તફાવત છે; પણ તમારા જીવનમાં કોઈ પણ જાતનો ફેરફાર કરવાનો જરા પણ આશય રાખ્યા સિવાય તે અપાવું જોઈએ.

સામાન્ય જીવન જીવનાર લોકો સદ્-ભાવનાથી એવું કોઈ કૃત્ય કરે, તો તે તેમને માટે વધારે સારી વાત છે; તે તેમને માટે ભાવિ જીવનો માટે પૂર્વ-કૃત્યોનું સર્જન કરે છે. પણ તે તે ક્ષણથી જ કે જ્યારે તમે કહો છો કે-''હવે મને ખાતરી થઈ ગઈ છે કે મારે માટે માત્ર દિવ્ય જીવન જ મહત્ત્વનું છે, મારે દિવ્ય જીવન જીવવું છે.'' તે ક્ષણથી જ કોઈ તમારી પાસે માગણી કરે છે, ત્યાર પહેલાં નહિ.

માતાજી, કેટલાક લોકો અહીં આવે છે. તેઓ શ્રીમંત અને ખૂબ ભક્ત હોય છે. તેઓ પોતાની ભક્તિ દેખાડે છે. પણ જ્યારે પૈસા આપવાની વાત આવે છે, ત્યારે તેઓ સોદો કરે છે.

ભગવાન પાસેથી બને તેટલું કઢાવી લેવાના વિચારથી તેઓ આવતા હોય છે. સર્વ ગુણો, સર્વ શક્તિઓ, સર્વ સગવડો, સર્વ એશ-આરામ, બધું જ, કેટલીક વાર તો સિદ્ધિઓ પણ. તેઓ લેવા માટે આવે છે. આપવા માટે નહિ. ભક્તિનો તેમનો દેખાડો એ તેમની લેવાની ઇચ્છા ઉપર નાખેલો માત્ર બુરખો હોય છે. તે ઇચ્છાઓ વિશાળ ક્ષેત્રને આવરી લેતી હોય છે. પોતાનો ઉદ્ધાર કરવાની ઇચ્છા, આધ્યાત્મિક અનુભૂતિઓ પ્રાપ્ત કરવાની ઇચ્છા, સિદ્ધિઓ પ્રાપ્ત કરવાની ઇચ્છા; ક્ષુદ્ર, શાન્ત, સગવડભર્યું, થોડી કે વધારે સગવડોવાળું જીવન જીવવાની ઇચ્છા, જેમાં કોઈ ચિંતાઓ કે મગજ પર બોજો ન હોય તેવા જીવનની ઇચ્છા. આમ ઇચ્છાઓ વિશાળ ક્ષેત્રને આવરી લેતી હોય છે. પણ જ્યારે તેઓ કાંઈ આપે છે, ત્યારે તેઓ સોદો કરતા હોય છે. તેઓ જાણતા હોય છે કે આ બધી વસ્તુઓ મેળવવા માટે થોડુંક કાંઈક આપવું એ ઠીક છે; નહિ તો તે વસ્તુઓ અમને પ્રાપ્ત નહિ થાય; તેથી તેઓ ભક્તિભાવનો દેખાડો કરતા હોય છે. પણ તે માત્ર દંભ હોય છે, કારણ કે તેમાં દિલની સચ્ચાઈ નથી હોતી.

તેમની કમનસીબી એ છે કે તે દંભ કોઈને છેતરી શકતો હોતો નથી. તે દંભને સહન કરી લેવામાં આવે, પણ તેનો અર્થ એવો નથી કે કોઈ તેમનાથી છેતરાય છે.

અસ્તિત્વના સર્વ ભાગોમાં સોદાબાજી હોય છે. ઉચ્ચતમ આધ્યાત્મિક અનુભૂતિઓથી માંડીને તે નાનામાં નાની ભૌતિક જરૂરિયાતો સુધી, બધે જ આપ-લેનો સોદો હોય છે. સોદા સિવાય આપનાર માણસ હજારમાં એક પણ નથી હોતો.

મેં તમને જે વાર્તા કહી હતી, એવી અનેક વાર્તાઓ અહીં છે, તેનું સૌન્દર્ય એ છે કે જ્યારે તે વૃદ્ધ સ્ત્રીએ અડધી કેરી આપી, ત્યારે તે જાણતી ન હતી કે એ અતિથિ શિવ ભગવાન હતા. તેણે આપવાના આનંદ ખાતર, એક સત્કાર્ય કરવા ખાતર, રસ્તે જતા ભિખારીને દાન કર્યું હતું. તે જાણતી ન હતી કે તે ભગવાન શિવ છે; તે મને બદલામાં મુક્તિ કે જ્ઞાન આપશે.

શું કરવું જોઈએ ? સાચા દિલના બનો.

ફળમાં હંમેશાં નાનો જીવડો રહેતો હોય છે. માણસ પોતાની જાતને કહેતો હોય છે કે ઓહ, હું તેને દૂર કરી શકતો નથી. તે વાત ખોટી છે. જો માણસ તેને દૂર કરવા માગતો હોય, તો તે તેમ કરી શકે છે.

કેટલાક લોકો મને કહેતા હોય છે કે મારામાં સંકલ્પ-બળ નથી. તેનો અર્થ એ થયો કે તમારામાં દિલની સચ્ચાઈ નથી. કારણ કે જગતમાં રહેલાં બધાં સંકલ્પબળો કરતાં દિલની સચ્ચાઈ અનંતગણી વધારે શક્તિશાળી છે. એક આંખના પલકારામાં તે ગમે તે વસ્તુને પલટી નાખી શકે છે. તે વસ્તુને તે પકડે છે, બહાર ખેંચી કાઢે છે, અને પછી બધું પતી જાય છે. પણ તમે તમારી આંખો બંધ કરી દેતા હો છો, તમારે માટે બહાનાં શોધતા હો છો.

બધો સમય તેની તે સમસ્યા આવીને ખડી થઈ જતી હોય છે.

તે પાછી આવે છે, કારણ કે તમે તેને પરિપૂર્ણ રીતે બહાર ખેંચી કાઢી હોતી નથી. તમે માત્ર ડાળી કાપો છો; તેથી તે ફરી ઊગે છે.

શ્રી માતાજી

(શ્રી માતૃવાણી ગ્રંથ-૮ પૃષ્ઠ ૧૪ થી ૧૮)

રાધાની પ્રાર્થના

ઓ, તારાં પ્રથમ વાર દર્શન થયાં અને મેં જાણ્યું કે તું જ છે મારો જીવનસ્વામી, તું જ છે મારો પ્રભુ, મારા અર્પણનો સ્વીકાર કર. તારા જ છે મારા સર્વ વિચારો, મારી સર્વ લાગણીઓ, મારા હૃદયના સર્વ ભાવો, મારાં સર્વ સંવેદનો, મારા જીવનની સર્વ ક્રિયાઓ, મારા શરીરના પ્રત્યેક કોષ, મારા રક્તનું એકેએક બિંદુ. પૂર્ણભાવે અને સર્વભાવે, નિઃસંકોચ, હું તારી જ છું. મારા માટે તું જીવન પસંદ કરીશ કે મૃત્યુ, સુખ કે દુઃખ, આનંદ કે વેદના, તારી પાસેથી મને જે કાંઈ મળશે તે સર્વ હું સત્કારી લઈશ. તારી એકેએક બક્ષિસ મારા માટે હંમેશાં પ્રભુની દિવ્ય બક્ષિસ બનશે અને એ મને પરમ આનંદ આપશે.

૧૩, જાન્યુઆરી, ૧૯૩૨ **શ્રી માતાજી**

અને દ્વાર ખૂલે છે......

અને આ વસ્તુ પણ સ્પષ્ટ છે કે આપણે જો આમાંથી (ભૂલ, વેદના, ક્લેશ) સાચેસાચ બહાર નીકળી આવવા માગતા હોઈએ તો એ કાંઈ એટલું બધું મુશ્કેલ પણ નથી હોતું. આમાં તમારે પોતાને કાંઈ જ કરવાનું રહેતું નથી, તમારે બધું પ્રભુને જ કરવા દેવાનું રહે છે; અને પ્રભુ બધું કરી લે છે. પ્રભુ બધું જ કરે છે. એ એવી તો અદ્‌ભુત વસ્તુ છે, એવી તો અદ્‌ભુત !

પ્રભુ કોઈ પણ વસ્તુ હાથમાં લે છે, આપણે જેને સાવ સામાન્ય બુદ્ધિ કહીએ એને પણ તે હાથમાં લે છે, અને પછી તમને માત્ર એટલું જ શીખવી દે છે કે આ બુદ્ધિને બાજુએ મૂકી દો, આરામમાં મૂકી દો : 'બસ, શાંત થઈ જા, જરા પણ હિલચાલ ના કરીશ, જરા પણ ચિંતા ના કરીશ, મારે તારી જરૂર નથી'. અને પછી એક બારણું ખૂલે છે-તમને એમ નથી લાગતું કે તમારે એ ખોલવાનું છે, એ તદ્દન ખુલ્લું જ હોય છે. તમને બીજી બાજુએ લઈ જવામાં આવે છે (આ બધું કોઈ બીજું માણસ કરી આપતું હોય છે, તેમ નહિ) અને એ પછી, તમારે માટે પેલી રીત અશક્ય બની જાય છે.

આ બધું, આહ, મન વસ્તુઓ સમજવા માટે આ બધી જે મહેનત કરે છે, ઊફ, એ માટે એ જે માથાકૂટ કરે છે, ઉપર નીચે થાય છે.... એ બધું સાવ નકામું છે. સાવ નકામું છે. એમાંથી કાંઈ જ વળતું નથી. એમાં માત્ર પત્તાં જ ચિપાતાં હોય છે.

તમારી સામે એક કહેવાતો પ્રશ્ન ઊભો થયો છે : શું બોલવું, શું કરવું, કેવી રીતે કામ કરવું, કે....? આમાં તમારે કાંઈ જ કરવાનું નહિ, કાંઈ જ નહિ, તમારે માત્ર પ્રભુને આટલું જ કહી દેવાનું, 'લો, જુઓ, આવી વાત છે', બસ એટલું જ. પછી તમે શાંત રહો છો, ઘણાં શાંત રહો છો. અને પછી તદ્દન આપોઆપ રીતે, કશો વિચાર કર્યા વિના, કશું ચિંતન કર્યા વિના, કશી પણ ગણતરી કર્યા વિના, સહેજ પણ મહેનત કર્યા વિના-તમારે જે કરવાનું હોય છે તે તમે કરી લો છો. એટલે કે, પ્રભુ એ કરી લેતા હોય છે, હવે તમે કરતા નથી. પ્રભુ એ કરતા હોય છે, એ સંયોગોને ગોઠવતા રહે છે,

એ માણસોને ગોઠવતા રહે છે, એ તમારા મોંમાં કે તમારી કલમમાં શબ્દ મૂકે છે-એ બધું કરે છે. બધું , બધું. તમારે પોતાને હવે કાંઈ કરવાનું રહેતું નથી, તમે પ્રભુના આનંદમાં રહો એ સિવાય તમારે કાંઈ જ કરવાનું રહેતું નથી.

મને ખાતરી છે કે માણસોને આ વસ્તુ તો ખરેખર નથી જ જોઈતી હોતી.

બાળક : મધુર માતાજી, પરંતુ આમાં જે સફાઈ કરવાની રહે છે એ મુશ્કેલ કામ છે. આગળથી જે સફાઈ કરવાનું કામ છે તે.

શ્રી માતાજી : પણ એ તમારે પોતાને કરવાની જરૂર નથી ! પ્રભુ તમારે માટે એ કરી આપે છે.

બાળક : મધુર માતાજી, પણ એમાં પેલી જૂની ચેતના, જૂના વિચારો સતત ચડી આવતા રહે છે.

શ્રી માતાજી : હા, ટેવને લીધે એ બધું ફરી પાછું શરૂ થવાનો પ્રયત્ન કરતું રહે છે-તમારે ત્યારે માત્ર એટલું જ કહેવાનું રહે છે, 'પ્રભુ, જુઓ, જુઓ, જુઓ, આ આમ છે'- બસ એટલું જ. 'પ્રભુ, જુઓ, જુઓ પેલું, જુઓ પેલું, પેલો એ જડ-' બસ ખલાસ. અને તે, તરત જ. પણ આ વસ્તુ બેટા, આપોઆપ બદલાતી જાય છે, કશો જ પ્રયત્ન કર્યા વિના. માત્ર એટલું જ, કે તમારે સાચા દિલથી આ કરવું જોઈએ, એટલે કે, આવી રીતે બધું થાય એમ તમારે સાચેસાચ ઇચ્છા કરવી જોઈએ. તમે પૂરેપૂરું જાણતા હો છો કે તમે પોતે કાંઈ જ કરી શકો તેમ નથી. તમારામાં કશી જ શક્તિ નથી. મને પોતાને પણ વધુ ને વધુ એમ લાગતું રહ્યું છે કે આ જે જડતત્ત્વ પૂતળું છે, આ કોષો વગેરેનું બનેલું જે શરીર છે એ એક ઘણી જ ક્ષુદ્ર, ક્ષુદ્ર વસ્તુ છે ! આપણે પોતે બળવાન છીએ, અદ્‌ભુત છીએ, તેજોમય છીએ, સમર્થ છીએ એવી લાગણી લોકોને કોઈ સંજોગોમાં થતી હશે કે નહિ એની મને ખબર નથી. પણ મને આમ થાય છે. લોકોને આમ થતું નથી તેનું કારણ એ છે કે એમને તેઓ પોતે શાના બનેલા છે તેની ખરેખર કશી જ ખબર હોતી નથી ! આપણે પોતે શાના બનેલા છીએ એની જ્યારે આપણને સાચેસાચ ખબર

પડી જાય છે ત્યારે-આમ તો આપણે કાંઈ જ નથી, કાંઈ જ નથી, પણ છતાં આપણે હરેક વસ્તુ કરી શકીએ છીએ, અને તે એક શરતે.... એક શરતે કે આપણે બધું જ પ્રભુને કરવા દઈએ. પણ આપણામાં હંમેશા એક કંઈક એવું આવી રહેલું છે કે જેને પોતાની મેળે કરવાનું બહુ જ ગમતું હોય છે. એ જ મુશ્કેલી છે, નહિ તો....

ના, તમારી ભાવના તો ખૂબ જ ઉત્તમ હોઈ શકે છે અને પછી તમને થાય છે કે આ હવે હું કરું. અને એમાંથી પછી આખી વસ્તુ ગૂંચવાઈ જાય છે. અથવા તો એમ હોય છે કે તમને શ્રદ્ધા હોતી નથી, તમે એમ માનતા હો છો કે પ્રભુ કાંઈ કરી શકવાના નથી અને તમારે પોતે જ એ કામ કરવું જોઈશે. કેમકે પ્રભુને તો કાંઈ આવડતું નથી હોતું ! (માતાજી હસે છે) આ વસ્તુ, આ રીતની મૂર્ખતા બહુ જ મોટા પ્રમાણમાં બધે રહેલી છે. 'પ્રભુને તે વળી કેવી રીતે સમજાય ? આપણે તો અસત્યના જગતમાં રહીએ છીએ, અને પ્રભુને વળી અસત્ય કેવી રીતે સમજાય અને વળી....' એમ જ છે, પ્રભુ વસ્તુઓ જેવી છે તેવી જ બરાબર જુએ છે !

અને હું આ કાંઈ બુદ્ધિ વિનાના લોકોની વાત કરતી નથી, આ તો જે બુદ્ધિશાળી લોકો છે અને બધું કરવાનો પ્રયત્ન કરી રહ્યા છે, અમુક લોકો તો જાણે છે જ કે આપણે એક અવિદ્યા અને અસત્યના બનેલા જગતમાં રહીએ છીએ અને પ્રભુ તો પૂર્ણ સત્ય સ્વરૂપ જ છે, પણ એવા લોકોની અંદર પણ તેમના કોઈક ભાગમાં, અમુક રીતે, એવી એક વસ્તુ ઠસી ગઈ હોય છે, એ લોકો પણ એમ કહેતા હોય છે, 'એટલે જ તો, પ્રભુ પૂર્ણ સત્ય-સ્વરૂપ છે એટલે જ તેઓને સમજણ પડતી નથી (માતાજી હસે છે) એ આપણા અસત્યને સમજતા નથી, આપણે જ એ અસત્યનો નિકાલ કરવાનો રહે છે'. આવી વૃત્તિ લોકોમાં બહુ જ વ્યાપક છે.

શ્રી માતાજી

(યોગ વિશે પત્રો, ભા-૧-પૃ ૯-૧૦, ગીતાનિબંધો, પૃ-૨૪૫-૪૬ અને
શ્રી માતૃવાણી ગ્રંથ-૧૦ પૃ ૧૭૧ થી ૧૭૩)

શ્રી માતાજી

શંકાનું તત્ત્વ

મેં શંકા વિશે લખવાનું શરૂ કર્યું છે પરંતુ તેમ કરવામાં પણ મને 'શંકા' - ની અસર થાય છે કે ગમે તેટલું લખાણ હું કરીશ અથવા બીજું કાંઈ પણ કરું પરંતુ માનવીમાં જે શાશ્વત શંકા છે, તે તેના જન્મગત અજ્ઞાનની સજા છે - તેને સમજાવી શકાશે કે કેમ ? પ્રથમ તો સંતોષકારક રીતે લખવું એનો અર્થ ૬૦ થી ૬૦૦ પાનાં સુધી લખવું એવો થાય. અને તેમ છતાં ૬૦૦૦ પૃષ્ઠ પણ પૂરતા પ્રમાણમાં શંકાનું નિવારણ કરી ન શકે કારણ કે શંકા પોતે જ પોતાના માટે હસ્તી ધરાવતી હોય છે; તેનું કાર્ય જ શંકા કરવાનું છે અને તેને સમજણ પડે છતાં પણ તે શંકા કર્યા જ કરે; તેને મહેમાન તરીકે રાખનારને ફક્ત એટલું જ સમજાવવાનું કે તેને રહેવા અથવા ખોરાક આપવા માટે સ્થાન આપે અને તે પ્રામાણિક સત્ય શોધક છે એવો દંભ કરે. આ પાઠ હું પોતાના મનના અનુભવથી અને બીજાઓના મનના અનુભવ ઉપરથી પણ શીખ્યો છું; શંકામાંથી મુક્ત થવાનો એક જ માર્ગ છે કે પોતાના વિવેકને સત્ય અથવા જૂઠાણાનો શોધક બનાવવો અને તેના સંરક્ષણ નીચે મુક્ત રીતે અને હિંમતપૂર્વક અનુભૂતિનું બારણું ખોલી નાખવું.

❀

મેં ઘણા વખતથી શંકાઓ ઉપર દલીલ કરીને પ્રત્યુત્તર આપવાની પદ્ધતિ છોડી દીધી છે, કારણ કે મને તે બિલકુલ નિરુપયોગી લાગી છે. યોગ બૌદ્ધિક દલીલો અથવા નિબંધ માટેનું ક્ષેત્ર નથી. કોઈ તર્કની અથવા ચર્ચા કરતા મનના પ્રયત્નથી યોગની સાચી સમજ અને તેનું અનુસરણ માણસને પ્રાપ્ત થતું નથી. એક શંકાશીલ આત્મા, 'પ્રામાણિક શંકા' વિશે એવો દાવો કરે જેથી બુદ્ધિને સંતોષ થાય અને દરેક મુદ્દો ન્યાયસર ઠરે તે બાહ્યમાં રહેલા મનના કાર્ય માટેના ક્ષેત્રમાં બરાબર છે. પરંતુ યોગ મનનું ક્ષેત્ર નથી. જે ચેતનાનું સ્થાપન કરવાનું છે તે મનોમય અથવા તાર્કિક ચર્ચાની ચેતના નથી. યોગનો એવો પણ નિયમ છે કે જ્યાં સુધી મન શાંત ન થયું હોય, અને મનમાં બૌદ્ધિક તેમ જ તાર્કિક મનનો સમાવેશ થાય છે - અને તે પોતાની

જાતને સ્થિરતાથી અથવા પ્રશાંતિથી એક ઊર્ધ્વતર અને ઊંડાણવાળી ચેતના તથા દર્શન અને જ્ઞાન પ્રત્યે ખુલ્લું ન કરે ત્યાં સુધી સાધના તેના લક્ષ્ય પ્રત્યે પહોંચી શકે નહિ. એટલા માટે જ ભારતની આધ્યાત્મિક પ્રણાલીમાં ગુરુ તરફ શંકાવિહીન ખુલ્લાપણાની માગણી કરવામાં આવી છે. ગુરુ ઉપર દોષારોપણ, ટીકા અને હુમલાને સાધનાના સૌથી ચોક્કસ વિઘ્ન તરીકે ઠપકાપાત્ર ગણવામાં આવતું.

જો શંકાના તત્ત્વને દલીલોથી જીતી શકાય તો તર્કથી સંતોષ આપવાની માગણીમાં કોઈક હેતુ ખરો. પરંતુ શંકાનું તત્ત્વ પોતાના માટે જ શંકા ઊભી કર્યા કરે અને તેના ખાસ ધર્મ માટે મનને એક કરણ તરીકે વાપરે તો મન પ્રામાણિક તેમ જ તેને દાબી ન શકાય એવા ઉકેલ માટે સચ્ચાઈથી શોધ કરવાનો વિચાર કરતું નથી. માનસિક પરિસ્થિતિઓ કાયમ બદલાયા કરે છે અને એ તો જાણીતું છે કે લોકો એકબીજાનું સમાધાન કર્યા સિવાય દલીલો કાયમ ચાલુ રાખ્યા કરે. જિદ્દી રીતે ઊઠી આવતી શંકાઓનો કાયમ પ્રત્યુત્તર આપવો તે વસ્તુએ આ આશ્રમમાં ઘણા લાંબા સમય સુધી વિઘ્નો નાખ્યાં કર્યાં છે અને આ રીતે તે યોગના લક્ષ્યને નિષ્ફળ બનાવે છે અને તેના સિદ્ધાંતથી વિરુદ્ધ જાય છે. તેનાથી કોઈ આધ્યાત્મિક કે બીજો ફાયદો થતો નથી. કોઈ માણસ જો શંકાના મૂળ ઉપર વિજય પ્રાપ્ત કરે તો તે પોતાની અંદર રહેલા ચૈતસિક પુરુષના વિકાસ વડે જ બની શકે અથવા ચેતનાની વિશાળતાથી બને; પણ બીજા કોઈ ઉપાયોથી નહિ. જિજ્ઞાસાની ભાવનામાંથી ઉત્પન્ન થતા પ્રશ્નો જે હુમલાયુક્ત કે આત્મપ્રક્ષેપ કરનારા ન હોય, પરંતુ જ્ઞાનની ભૂખના ભાગ રૂપે હોય, તેના પ્રત્યુત્તર આપી શકાય, પરંતુ ''શંકાનું'' તત્ત્વ અસંતોષી છે અને તેને કદી સંતોષ આપી શકાતો નથી.

❀

જો વ્યક્તિ તેમનો-શંકાઓના હુમલાઓનો-પ્રકાર અને તેમનું મૂળ શોધી કાઢે તથા તેમનું નિરીક્ષણ કરવાની શક્તિ પ્રાપ્ત કરે, તેમનો દેખાવ અથવા રીત જાણી લે અને તેમની ખાઈમાં ધસી ન જાય અથવા તેમનામાં ભળી ન જાય અને તેમની દૃશ્યમાન ઘટનાઓનો સાક્ષી બની રહે અને તેમને સમજે, અને જ્યારે પ્રાણ વમળોમાં ગોથાં ખાતો હોય ત્યારે મન તેને અનુમતિ ન આપે તથા છેવટનું બાહ્ય સ્થૂલ મન પણ વિરોધી સૂચનો ઉપર

વિચાર ન કરે ત્યારે વ્યક્તિ છેવટે તેમના ઉપર વિજય પ્રાપ્ત કરે છે. છેવટે આ બધા હલ્લાઓ તેમની શક્તિ ગુમાવતા જાય છે અને પ્રકૃતિમાંથી ખરી પડે છે; વારંવાર થતું પુનરાવર્તન નબળું પડતું જાય છે અને છેવટે તેનામાં ટકવાની શક્તિ રહેતી નથી; જો અનાસક્તિ પૂરતા પ્રમાણમાં સમર્થ હોય તો પણ તેઓને થોડા જ સમયમાં અથવા તાત્કાલિક કાપી શકાય છે. સૌથી સમર્થ પ્રકારનું વલણ એવું લેવું કે આ બધી વસ્તુઓ જેવી છે તેવી રીતે જ તેમને જાણવી; સ્થૂલ મનમાં અથવા પ્રાણના ભાગમાં કોઈક ખુલ્લા ભાગો રહી ગયા હોય તેના ઉપર અંધકારનાં બળોનું આક્રમણ હોય છે, પરંતુ તે આપણો પોતાનો કોઇ ભાગ નથી અથવા આપણી પ્રકૃતિમાં આવેલું કોઈ નૈસર્ગિક સર્જન નથી. તેઓ એટલા માટે આવે છે કે સ્થૂલ મનમાં એક ગોટાળો અને અંધકાર ઉત્પન્ન કરે, તેનામાં ભૂલભરેલા વિચારો ફેંકે અથવા જાગ્રત કરે, અંધકારમય વિચારો અથવા ખોટી છાપો ઉત્પન્ન કરે એ આ બધા હુમલાખોરોની ખાસ પદ્ધતિ હોય છે અને તેમને જો આ મનમાંથી ટેકો મળે જે મન પોતાનામાં વધારે પડતો વિશ્વાસ રાખે કે તેની પોતાની છાપો અને અનુમાનો બિલકુલ સાચાં જ છે તો તેમને તે દિવસથી જ એક ક્ષેત્ર પ્રાપ્ત થાય અને જ્યાં સુધી મન પોતાનું સાચું સ્થાન પ્રાપ્ત કરી લે નહિ અને બધાં વાદળોને વિખેરી નાખે નહિ ત્યાં સુધી તેઓ તેનો ગેરફાયદો ઉઠાવે છે. તેમની એક બીજી એવી તરકીબ હોય છે કે નિમ્ન પ્રાણમય ભાગોમાં કોઈ કચવાટની, ગણગણાટની, અસંતોષની ભાવના અથવા ઈર્ષાની ભાવના જાગ્રત કરે છે અને તેમને ઘાયલ થયેલા રહેવા દે છે–આવા સમયે વ્યક્તિએ પોતાની પ્રકૃતિમાં રહેલા ખુલ્લા ભાગોને શોધી લેવા અને એવા હુમલાઓ સામેના તે દ્વારોને બંધ કરવાનું શીખી લેવું અથવા તો જેઓ તેમાં થઈને અંદર ઘૂસી ગયા હોય તેમને બને તેટલા જલદી બહાર ફેંકી દેવા. તેમનું પુનરાવર્તન એ કાંઈ નિર્બળતાની સાબિતી નથી; જો વ્યક્તિ સાચું આંતરિક વલણ અખત્યાર કરે તો તેમના ઉપર વિજય પ્રાપ્ત થઈ શકે અથવા થાય છે. વ્યક્તિને પોતાના જીવનના અથવા કર્મોના સ્વામીમાં વિશ્વાસ હોવો જોઈએ, ભલે પછી તે (પ્રભુ) પોતાની જાતને ગુપ્ત રાખે અને જ્યારે સાચો સમય આવશે ત્યારે તે સ્વામી તેની પાસે તેની હાજરી પ્રગટ કરશે.

શ્રી અરવિન્દ

(યોગ વિશે પત્રો – ભાગ-૧ પૃષ્ઠ ૧૮૫, ૧૭૮–૭૯, ૧૩૫–૩૬)

સંશયવાદ

આધ્યાત્મિક ચેતના એક નવીન વસ્તુ છે અને હજુ તે ઉત્ક્રાંત થવાની છે, ધીરે ધીરે તેનો વિકાસ થઈ રહ્યો છે. પરંતુ જો આ પ્રકાશ, શાંતિ અને આનંદની મહત્તર ચેતના પ્રાપ્ત કરવી હોય તો તે પ્રશ્નો પૂછવાથી અથવા શંકા ઉત્પન્ન કરવાથી પ્રાપ્ત થશે નહિ. તે વસ્તુ તો જે વસ્તુ તૈયાર થાય છે તેમાંથી પાછા પાડે છે અને એમ કહે છે 'તે અશક્ય છે', જે વસ્તુ ભૂતકાળમાં બની નથી તે ભવિષ્યમાં બની શકે નહિ. જે વસ્તુ અપૂર્ણ રીતે સિદ્ધ થઈ છે તેનો ભાવિમાં વધારે સારી રીતે સાક્ષાત્કાર થઈ શકે નહિ. તેને માટે એક શ્રદ્ધા એક સંકલ્પ અથવા ઓછામાં ઓછી એક ટકી રહે એવી માગણી અને અભીપ્સાની જરૂર છે–એક એવી લાગણી કે મને ફક્ત આ વસ્તુથી જ સંતોષ થઈ શકે અને તે વસ્તુ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તેના માટે એક સતત પ્રયત્ન કરીશ. એટલા માટે શંકા અને ઇન્કારનો ભાવ માર્ગમાં વિઘ્નરૂપ થાય છે કારણ કે તે બન્ને, જે પરિસ્થિતિમાં આધ્યાત્મિક અનુભૂતિ પોતે જ ખુલ્લી થાય છે તેની રચનામાં વિઘ્નરૂપ બને છે.

આમ હોય છે તે છતાં ઊતરતા પ્રકારના જ્ઞાનમાં શંકા અને સંશયાત્મકતા, થોડા સમય માટે, ઉપયોગી હોય છે, પરંતુ ઊર્ધ્વ પ્રકારના જ્ઞાનમાં એ વસ્તુઓ બાધા રૂપ થઈ પડે છે. કારણ કે ઊર્ધ્વમાં જ્ઞાનનો જે પ્રકાર છે તેનું રહસ્ય સત્ય અને સ્ખલન વચ્ચે સમતુલા સાધવામાં નહિ પરંતુ ક્રાંતદર્શન વડે પ્રત્યક્ષ થયેલા સત્યની સતત વર્ધમાન અનુભૂતિ કરવામાં રહેલું છે. બુદ્ધિ વડે પ્રાપ્ત કરેલા જ્ઞાનમાં હંમેશાં અસત્યનું, અથવા તો, અપૂર્ણતાનું મિશ્રણ હોય છે અને એને દૂર કરવા માટે એ બૌદ્ધિક જ્ઞાનને સંશયની પરીક્ષામાંથી પસાર કરીને કસોટીએ ચડાવવું પડે છે. પરંતુ ઊર્ધ્વના આધ્યાત્મિક જ્ઞાનમાં અસત્ય પ્રવેશ જ કરી શકતું નથી, અને બુદ્ધિ અમુક અભિપ્રાય પ્રત્યે આસક્ત થઈને જે અસત્યનો અંશ એમાં દાખલ કરે છે તે એ સાક્ષાત્કારના સાતત્યને લઈને આપોઆપ ખરી જશે. પોતાને પ્રાપ્ત થયેલા આધ્યાત્મિક જ્ઞાનમાં જે કાંઈ અપૂર્ણતા રહેલી હોય તેને દૂર કરવા માટે અત્યાર સુધી જેનો સાક્ષાત્કાર થયેલો છે તેના મૂળ વિશે શંકા કરવાની હોતી નથી; પરંતુ એને માટે વધારે

ને વધારે આગળ જવાનું છે, પ્રગતિ કરવાની હોય છે. અને એમ કરીને આગળ આવેલા વધારે પૂર્ણતાવાળા સાક્ષાત્કારને પ્રાપ્ત કરીને, એટલે કે આત્મામાં વધારે ઊંડું, વધારે ઊર્ધ્વ પ્રકારનું, અને વિશાળ એવું જીવન પ્રાપ્ત કરીને એ અપૂર્ણતાઓ દૂર કરવાની હોય છે. વળી, અત્યાર સુધીમાં જે વસ્તુનો સાક્ષાત્કાર થયો નથી તેને માટે સંશયાત્મક પ્રશ્નો વડે નહિ પરંતુ શ્રદ્ધા વડે તૈયારી કરવાની છે. કારણ કે એ સત્ય પોતે એવા પ્રકારનું છે કે તે બુદ્ધિ આપણને આપી શકે તેમ નથી, અને ઘણી વખત તો તર્ક અને તાર્કિક મન જે વિચારોમાં ગૂંચવાઈ જાય છે તેનાથી તદ્દન વિરુદ્ધ પ્રકારનું એ સત્ય હોય છે. એ આધ્યાત્મિક સત્ય બુદ્ધિ વડે સાબિત કરવાનું નથી હોતું, પરંતુ તે અંતરમાં જીવીને જાણવાનું હોય છે, તેનો સાક્ષાત્કાર કરવાનો હોય છે. એ સત્ય બુદ્ધિ પ્રાપ્ત કરી શકે તે કરતાં વધારે મહાન વાસ્તવિક્તા છે જેમાં આપણે પોતાનો વિકાસ કરવાનો છે. છેવટે, એ સત્ય પોતે સ્વયંભૂ છે, અને આપણે અવિદ્યાની માયામાં રહેતા ન હોત તો એ સત્ય આપણને હસ્તામલકવત્ લાગત, એ આપોઆપ જ પ્રગટ થાત. એ સ્વયંભૂ સત્યનો સ્વીકાર કરવામાં આપણી અંદર જે શંકાઓ અને ગૂંચવણો ઊભી થાય છે તે આપણામાં રહેલા અજ્ઞાનમાંથી ઊઠે છે, ઇન્દ્રિયોથી મોહ પામેલા અને અભિપ્રાયોથી ગૂંચવાઈ ગયેલાં હૃદય અને બુદ્ધિમાંથી જાગે છે. કારણ કે એ કરણો નિમ્નતર અને દૃશ્ય જગતની વાસ્તવિક્તામાં જીવતાં હોય છે અને તેથી વધારે ઊર્ધ્વમાં રહેલી આધ્યાત્મિક વાસ્તવિક્તાઓને એ શંકાની નજરે જુએ છે. अज्ञान-संभूतं हृत्स्थ संशयम् - ગીતા કહે છે - 'એવા સંશયોને જ્ઞાનરૂપી તલવારથી છેદી નાખવાના છે.' એટલે જે જ્ઞાન સાક્ષાત્કારસ્વરૂપ છે, તેના વડે, સતત યોગમાં સ્થિર રહીને એ સંશયોને છેદવાના છે.

❋

અને તમે આ બે વિઘ્નો ભય અને શંકા જીતી લીધાં હશે તો, તમને થતા અનુભવો એટલા તો જોરદાર હશે કે તેમાં પછી કોઈ શંકા રહેવા જ ન પામે, શંકા થવી અશક્ય જ બની જાય-શંકા કરવી એટલે જાણે પોતાના જીવન વિશે જ શંકા કરવી એના જેવું થાય-ત્યાર પછી પણ આ એક બીજી ચીજ રહી જતી હોય છે. એ એક ભયાનક, ક્ષુદ્ર, શુષ્ક, ઍસિડ જેવી હોય છે. એનું નામ છે શંકાખોરી-સંશયશીલતા. અને આ શંકાખોરીનું આસન હોય છે માનવનું અભિમાન, એટલા જ કારણે એ આટલું બધું ટકી રહેતી હોય છે. માણસને પોતે આ બધી વસ્તુઓથી પર છે એમ માનવાનું ગમે છે.

'અરે ! હું પોતે તો કંઈ આવી જાળમાં સપડાઉં જ નહિ ! હું તો સમજદાર માણસ છું. હું તો બધું વ્યવહારુ દૃષ્ટિથી જોઉં છું. મને કોઈ છેતરી શકે તેમ નથી ! આ માણસ ચીતરી ચડે તેવું છે !' ગંદું છે ! એ જોખમકારક છે.

તમે ખૂબ ઉત્સાહથી ભરેલી સ્થિતિમાં હો, તમે કોઈ અસાધારણ, અતિ અદ્ભુત અનુભૂતિમાં ડૂબેલા હો, ત્યારે પણ આ વસ્તુ, આ કદરૂપી, ચીટકણી, ઘૃણોત્પાદક વસ્તુ નીચેની બાજુએથી ઉપર ચડી આવે છે. હા, તમારી આવી અદ્ભુત સ્થિતિમાં પણ તે ઉપર ચડી આવે છે અને બધું બગાડી મૂકે છે.

આ શંકાખોરીને જીતવા માટે તમારે એક પ્રચંડ યોદ્ધા બનવાનું રહે છે. આમાં તમારે પ્રકૃતિનાં તમામ અજ્ઞાનો સામે, પ્રકૃતિની તમામ દુષ્ટતાઓ સામે, તેનાં આકર્ષણો સામે જંગ ખેલવાનો રહે છે.

માણસને જ્યારે આ બધી વસ્તુઓથી તૃપ્તિ થઈ જાય છે, એને જ્યારે બીજું કંઈક બનવાની ઇચ્છા થાય છે ત્યારે પછી આ ત્રણ મહા શત્રુઓ-ભય, શંકા અને સંશયશીલતાને જીતી લેવા માટેની હિંમત, બળ મળી આવે છે, એ વિજયની શક્યતા રચાય છે. પણ હું ફરીથી કહું છું કે આમાં તમે એક શુભ દિવસે આસન લગાવીને બેસી જાઓ, તમે પોતે જે સ્થિતિમાં છો તે ઉપર નજર નાખી લો અને આ વસ્તુઓ સામેનો જંગ તમારી અંદર એકસામટો ખેલી નાખો એટલું બસ નથી. આ વસ્તુ તમારામાંથી ચાલી ગઈ છે કે નહિ એની પૂરી ખાતરી કરી લેવા માટે તો તમારે આ સાધના ફરી ફરીને કરતી રહેવી પડશે, અને જાણે કે લગભગ અનંત કાળ લગી તે ચાલુ રાખવી પડશે. ખરી વાત તો એ છે કે, માણસ સાચી રીતે તો કદાચ કદી પણ મુક્ત હોતો નથી. પણ એક વખત એવો આવે છે ખરો કે જ્યારે એ પોતાની અંદર એવો તો જુદી રીતનો બની ગયો હોય છે કે આ વસ્તુઓ તેને સ્પર્શ કરી શકતી નથી. તમે આ બધું જોતા રહો છો, પણ તે એક સ્મિતપૂર્વક જોતા રહો છો. અને તમારા તરફથી એક સાદી ક્રિયા પણ એ વસ્તુઓને દૂર ધકેલી દે છે. એ વસ્તુઓ જ્યાંથી આવી હોય છે ત્યાં પાછી ચાલી જાય છે. અને તે વખતે તેમનામાં કદાચ થોડો ફેરફાર થયેલો હોય છે, એ ઓછી બળવાન, ઓછી જિદ્દી અને ઓછી આક્રમણકારક બનેલી હોય છે. અને એમ કરતાં કરતાં પ્રકાશ એટલો તો બળવાન બની રહે છે કે તમામ અંધકાર ચાલ્યો જાય છે.

શ્રી માતાજી

(શ્રી માતૃવાણી ગ્રંથ - ૧૦ પૃષ્ઠ ૧૫ થી ૧૭)

આરામ અને વિશ્રાંતિ

મોટા ભાગના લોકોને મન આરામ એટલે :

પ્રશ્ન : મેં એ નોંધ્યું છે કે આપણે જ્યારે કોઈ ત્રાહિત વ્યક્તિ સાથે કામ કે ધંધા અંગે વાતચીત કરતાં હોઈએ છીએ ત્યારે એ વાતચીત સારી હોય છે અને રસપૂર્ણ બની રહે છે, પરંતુ એજ વ્યક્તિ સાથે એના અંગત જીવન વિશે આપણે વાત કરવા લાગીએ છીએ કે તુર્તજ એ વાતચીત ઉદ્વેગકર બની જાય છે.

ખરું છે, કારણ કે કામ, અને જો તે કોઈ વિશિષ્ટ પ્રકારનું કામ હોય તો એ વ્યક્તિની શ્રેષ્ઠ અભિવ્યક્તિ બની રહે છે, જ્યારે વ્યક્તિ, (થોડાક અપવાદ સિવાય) તેના પોતાના અંગત જીવનમાં નિમ્ન ભૂમિકા ઉપર ઊતરી આવતો હોય છે. અનેક જાણીતા વિદ્વાનો, લેખકો, કળાકારો જેઓ વિશિષ્ટ કૃતિઓનું સર્જન કરતાં હોય છે, તેઓ જ્યારે પોતાના ઘરમાં દાખલ થાય છે ત્યારે ધિક્કારપાત્ર પતિ બની રહે છે, અણગમતા પિતા તેમજ એમની આજુબાજુના લોકોને માટે અસહ્ય વ્યક્તિ બની જતા હોય છે. હું અહીં સમાજના ચુનંદા માણસોની વાત કરી રહી છું, એવા માણસો કે જેમણે કોઈ ખાસ અભ્યાસ કરેલો હોય છે, શોધખોળો કરેલી હોય છે, જેઓ મોટી સંસ્થાઓનું સુકાન સંભાળતા હોય છે : બહારની દુનિયામાં તેઓ અસાધારણ વ્યક્તિઓ હોય છે; એમનામાં મહાન શક્તિઓ રહેલી હોય છે; પણ ઘરમાં પેસતાં જ તેઓ સામાન્ય બની જતા હોય છે અને ઘણીવાર અસહ્ય એવા માણસો બની જતા હોય છે. એમને માટે ઘર એ આરામ અને વિશ્રાંતિનું સ્થાન બની રહે છે. અને એવામાં જો એ લોકો ગમ્મત કરવા બેસી જાય તો પછી હદ થઈ જતી હોય છે ! હું એવા લોકોને જાણું છું કે જેઓ પ્રખર બુદ્ધિશાળી હતા; પ્રશંસાપાત્ર કળાકારો હતા, અને જેવા એ લોકો આરામ કરવા લાગતા કે તુર્તજ તદ્દન મૂર્ખ બની જતા, ખૂબ જ અસભ્ય વર્તન કરતા અને ઉદ્ધત બાળક જેવું વર્તન કરતા–અને આમ તેઓ વિશ્રાંતિ મેળવતા હતા ! આ બધું વિશ્રાંતિ મેળવવાની જરૂરિયાતમાંથી ઊભું થતું હોય છે. અને

મોટા ભાગના લોકો આ વિશ્રાંતિની જરૂરિયાતને કઈ રીતે જુએ છે ? તેમને માટે વિશ્રાંતિનો અર્થ એ જ હોય છે કે હંમેશા નિમ્ન ભૂમિકા ઉપર ઊતરી જવું. એમને એ ખબર હોતી નથી કે સાચો આરામ મેળવવા માટે તો માણસે એક પગથિયું ઉપર ચડવાનું રહે છે; એ માટે વ્યક્તિએ પોતાની જાતથી પર થવું જ જોઈએ. જો વ્યકિત નિમ્ન ભૂમિકા ઉપર ઊતરી પડે તો એનાથી એનો થાક વધી જાય છે અને એનામાં જડત્વ આવી જાય છે. સાથે સાથે વ્યક્તિ જ્યારે જ્યારે આમ નિમ્ન ભૂમિકા પર ઊતરી જાય છે ત્યારે એની પર અવચેતનાનો ભાર વધતો જાય છે–જો વ્યક્તિએ ઊર્ધ્વગમન કરવું હોય તો અવચેતનાના આ ભારને વારંવાર ઘટાડતા જ રહેવું જોઈએ કારણ કે એ ભાર પગની બેડી બની રહેતો હોય છે.

આપણે આપણી જાતને ગર્તામાં સરકાવી દઈને થાક દૂર કરી શકતા નથી. એને માટે તો વ્યક્તિએ ચેતનાની ઉપરની કક્ષાએ પહોંચવું જોઈએ અને ત્યાંજ સાચો આરામ મળી રહે છે. કારણ કે એ કક્ષાએ વ્યક્તિને એક આંતરિક શાંતિ, પ્રકાશ, અને વૈશ્વિક શક્તિ પ્રાપ્ત થતાં હોય છે, અને આપણા અસ્તિત્વનું જે સત્ય છે તે સત્યના સંપર્કમાં વ્યક્તિ ધીરે ધીરે મુકાતો જાય છે.

તમે એ સત્યના સંપર્કમાં નિશ્ચિતપણે આવી જાઓ તો તે તમારો થાક પૂરેપૂરો દૂર કરી દે છે.

❀

આનંદ-પ્રમોદ શું અનિવાર્ય છે ?

એક વસ્તુ સામાન્ય રીતે બધાએ સ્વીકારી લીધેલી છે કે બાળકને તથા મોટાંઓને પણ અભ્યાસમાં લાગતા થાકને હળવો કરવા માટે, તથા આરામ આપવા માટે કેળવણીની પ્રક્રિયામાં એક હળવું, આનંદોત્પાદક અને છીછરા પ્રકારનું સાહિત્ય પણ દાખલ કરી શકાય. અમુક દૃષ્ટિથી જોતાં આ સાચું છે. પરંતુ દુર્ભાગ્યની વાત એ છે કે આ આરામ આપવાને બહાને શિક્ષણમાં એવી કેટલીયે વસ્તુઓ ઢગલેબંધ દાખલ થઈ ગયેલી છે કે જે કેવળ માનવ સ્વભાવની અસંસ્કારી, કુરૂપ તથા હલકી

બાજુને જ રજૂ કરતી હોય છે. આ આરામ અને વિનોદના બહાના હેઠળ માણસમાં રહેલી અત્યંત અધમ વૃત્તિઓ અને હલકામાં હલકા રસો પ્રગટ થઈ રહેલા છે અને એ બધાં પોતાને એક અનિવાર્ય આવશ્યકતા તરીકે ખપાવીને પોતાનું સ્થાન કાયમ કરી રહેલાં છે. પરંતુ આ વસ્તુ લેશ પણ સાચી નથી. આપણે સ્વચ્છંદતામાં સર્યા વિના પણ વિશ્રાંતિ મેળવી શકીએ છીએ, આપણે બીભત્સ થયા વિના પણ આરામ મેળવી શકીએ, આપણી પ્રકૃતિમાંનાં ગ્રામ્ય તત્ત્વોને ઉપર આવવા દીધા વિના પણ આપણે આસાએશ અનુભવી શકીએ છીએ.

આપણે બધા સામાન્ય રીતે એ વાત સ્વીકારી લઈએ છીએ કે માણસને જીવનમાં આનંદવિનોદ મળવો જોઈએ, જીવનની જહેમતમાંથી આસાએશ મળવી જોઈએ. પરંતુ એ વસ્તુ સાચી રીતે તો આપણા જીવનના ધ્યેયને એક થોડા વધુ લાંબા કાળ માટે પૂરેપૂરી ભુલાવી દેનારી જ નીવડે છે, આપણને જે માટે જીવન મળેલું છે તે મૂળ ધ્યેયને જ તે વિસરાવી દે છે. આ આરામ કે આનંદ-વિનોદને આપણે એક કુદરતી અને અનિવાર્ય વસ્તુ તરીકે જરા પણ ગણવી ન જોઈએ. આ વસ્તુ તો માનવના જીવનની એક નબળાઈ છે. માણસની અભીપ્સામાંથી જ્યારે તીવ્રતા ઓસરતી જાય છે, તેની સંકલ્પશક્તિ અસ્થિર બની જાય છે, તેનામાં જ્યારે અજ્ઞાન, અચેતનતા અને શિથિલતાનાં તત્ત્વો જોર કરે છે ત્યારે માણસ આ નબળાઈને વશ થઈ જાય છે. આ બધી વસ્તુઓને સાચી ઠેરવવાનો પ્રયત્ન તમે મૂકી દેજો અને તમને થોડી વારમાં જ જણાઈ આવશે કે એ ચીજો જીવનમાં જરા પણ જરૂરની નથી, અને એક સમય એવો પણ આવશે કે જ્યારે તમને એ સર્વ પ્રત્યે ઘૃણા ઉત્પન્ન થશે અને તમે તેને તમારા જીવનમાં લેશ પણ સ્થાન નહિ આપશો. અને આમ થશે ત્યારે, માણસને હાથે થયેલાં સર્જનોમાંથી મોટાભાગનાં સર્જનો, જે દેખીતી રીતે આનંદ આપવા માટે લખાયાં છે પણ ખરું જોતાં જે માણસને અધોગતિમાં લઈ જનાર જ હોય છે તેમને કોઈ પણ રીતનું પ્રોત્સાહન કે ટેકો નહિ મળે.

હળવાશ કઈ રીતે અનુભવવી !

એમાં શરૂઆત કરવા માટે પ્રથમ શરત તો એ છે કે તમારે બને તેટલા શાંત બની રહેવું જોઈએ. તમે જોશો કે તમારા સ્વરૂપના જુદા જુદા ભાગોમાં કોઈ વસ્તુ આવે અને તમે એને ગ્રહણ ન કરી શકો તો એને પરિણામે તમારામાં કોઈક વસ્તુ ચિમળાઈ જતી હોય તેવી લાગણી ઊભી થાય છે, - પ્રાણ, મન, કે શરીરમાં કોઈક વસ્તુ સખત થઈ જાય છે. એમાં એક પ્રકારનો અકડાટ આવી જાય છે જેને પરિણામે દુઃખાવો ઉત્પન્ન થાય છે અને તમને એથી મનોમય, પ્રાણમય કે શારીરિક પીડા થાય છે. એટલે આવે પ્રસંગે પ્રથમ તો તમારે તમારી સંકલ્પશક્તિનો પ્રયોગ કરીને, જેમ તમે જ્યારે તમારી કોઇ નસ ખેંચાતી હોય કે માંસપેશીનો ગોટલો ચઢી ગયો હોય ત્યારે તેને શિથિલ કરવા પ્રયત્ન કરો છો તે જ પ્રમાણે તમારે પેલા કરમોડને નરમ કરવાનો રહે છે. તમારે સ્નાયુઓને શિથિલ કરીને આરામ પ્રાપ્ત કરતાં શીખવું જોઈએ અને જ્યારે તમારા સ્વરૂપના કોઈ પણ ભાગમાં તાણ આવવાની લાગણી થતી હોય ત્યારે એ જ રીતે ભંગ અવસ્થાને શિથિલ કરીને આરામ પ્રાપ્ત કરતાં શીખવું જોઈએ.

આ પ્રકારનું સંકુચન જે સ્થળે ઉત્પન્ન થયું હોય, મન, પ્રાણ કે શરીરના જે ભાગમાં તે હોય, તે પ્રમાણે તેને નરમ કરવાની પદ્ધતિમાં ફેર પડે છે. પરંતુ એ સર્વ પદ્ધતિઓ પાછળનો સિદ્ધાંત તાર્કિક રીતે તો એક જ પ્રકારનો હોય છે. તમે એક વાર આ તંગ દશાને શિથિલ કરો પછી તમારે જોવું જોઈએ કે પેલી અસ્વસ્થતાની લાગણી દૂર થઈ છે કે નહિ. જો આમ થાય તો એનો અર્થ એ કે એ વસ્તુ એક થોડા સમય માટે ઊભા થયેલા અવરોધને કારણે હતી. પરંતુ જો પીડા ચાલુ રહે અને તેને દૂર કરવા માટે ઉપયોગી નીવડે તેવી લાભદાયી વસ્તુ મેળવવા અને સ્વીકારવા સારુ ગ્રહણશીલતાને પણ વધારવાની ખરેખરી જરૂરિયાત ઉત્પન્ન થાય તો પછી પ્રથમ તો તમારે પેલા અકડાટને શિથિલ કરવો જોઈએ અને પછી પોતાની જાતને વિસ્તૃત કરવાની શરૂઆત કરવી જોઈએ - તમે પોતે વિશાળતા પ્રાપ્ત કરી રહ્યા છો એવું તમારે અનુભવવું જોઈએ. આમાં અનેક પદ્ધતિઓ છે. ઘણા લોકો એવી કલ્પના કરે છે કે જાણે પોતે પાણી ઉપર તરતા એક પાટિયા ઉપર સૂતેલા છે અને પછી તેઓ પોતાની

જાતને વિસ્તૃત કરવા માંડે છે, તેઓ પોતાની જાતને વિશાળ કરતાં કરતાં પાણીના સમગ્ર પ્રવાહી સમૂહ જેટલી કરી મૂકે છે અને એ રીતે તેઓ લાભ પ્રાપ્ત કરે છે. બીજા કેટલાક લોકો પોતાની જાતનું આકાશ અને તારાઓ સાથે તાદાત્મ્ય કરવા પ્રયત્ન કરે છે, તેઓ પોતાની જાતને વિશાળ કરતાં કરતાં, વધુને વધુ પ્રમાણમાં આકાશ સાથે એકતાનો અનુભવ કરે છે. બીજા કેટલાક લોકોને આવાં કોઈ પ્રતીકોનો આધાર લેવાની જરૂર પડતી નથી; તેઓ પોતાની ચેતના વિશે સીધે સીધા સભાન થઈ શકે છે અને તેને વધુ ને વધુ વિશાળ કરતાં કરતાં છેવટે તમામ મર્યાદાઓને વટાવી જાય છે. તમે ધારો તો તમારી ચેતનાને એટલી બધી વિશાળ કરી શકો કે એ પૃથ્વી અને વિશ્વ જેટલી વિસ્તૃત થઈ જાય. જ્યારે વ્યક્તિ આમ કરે છે ત્યારે ખરેખર તેનામાં જરૂરી ગ્રહણશીલતા આવી જાય છે. મેં જેમ કહેલું છે તેમ, એમાં સવાલ જરૂરી તાલીમ લેવાનો છે. ગમે તેમ હોય, પણ વસ્તુનો તાત્કાલિક ઉકેલ લાવવાની દ્રષ્ટિએ જોતાં, જ્યારે તમારામાં કોઈ વસ્તુ આવી પડે અને તમને એમ લાગે કે એ વસ્તુ વધુ પડતી જોરદાર છે, કે એનાથી માથું દુ:ખી આવે છે અને તે તમારાથી સહન થાય તેવું નથી તો પછી તમારે પેલી પદ્ધતિનો જ પ્રયોગ કરવાનો રહે છે. તમારે પેલા સંકુચન ઉપર જ કાર્ય કરવાનું રહે છે. તમે આ બાબતમાં વિચારના ઉપયોગ વડે શાંતિ, અને અક્ષુબ્ધતાને (શાંતિની લાગણી ઘણીખરી મુશ્કેલીઓને દૂર કરી શકે છે) સાદ કરી બોલાવી શકો. આમઃ શાંતિ; શાંતિ; શાંતિ;..... નિસ્પંદતા.... નીરવતા,' તો પછી અનેક પ્રકારના ઉપદ્રવો, છેક શારીરિક ઉપદ્રવો, વક્ષઃસ્થળમાં ડચૂરો બાઝવા જેવા ઉપદ્રવો કે જે ખૂબ અસુખકર હોય છે, તેમજ કેટલીક વાર ઊબકા પણ આવે છે, ગુંગળામણની લાગણી થાય છે, જાણે શ્વાસ પણ ફરી નહિ લેવાય તેવી લાગણી થાય છે, એ બધા ઉપદ્રવો આ રીતના પ્રયોગના ઉપયોગથી અદ્રશ્ય થઈ જાય છે. એમાં જે ભાગના ઉપર વ્યાધિની અસર થઈ હોય છે તે વસ્તુ નાડીતંત્રનું કેન્દ્ર હોય છે અને એના ઉપર એવી અસર જરા જરામાં થઈ આવે છે. જ્યારે જ્યારે તમારા વક્ષઃસ્થળના નાડીતંત્રને અસર થાય એવી કોઈ પણ વસ્તુ બને ત્યારે બોલો 'શાંતિઃ શાંતિઃ શાંતિઃ અને તમારામાં ઉત્પન્ન થયેલી તંગદશા તદ્દન લુપ્ત ન થઇ જાય ત્યાં સુધી વધુ ને વધુ શાંત બની રહો.

વિચારોની બાબતમાં પણ એમ જ છે. દાખલા તરીકે તમે જે કાંઈ વાંચતા હો તેમાં કોઈ એક એવો વિચાર રજૂ થયેલો હોય કે જેને તમે સમજી ન શકો - એ તમારા ગજા ઉપરવટની વસ્તુ હોય એમ લાગે, તમે એની બાબતમાં કંઈ પણ સમજી શકતા ન હો, એટલે એ તમારા મસ્તકમાં ઈંટની જેમ પડ્યો હોય છે, અને જો એને સમજવા માટે તમે વધુ પ્રયત્ન કરો છે, તો એ વધુને વધુ ઈંટ જેવો સખત, જડ બનતો રહે છે, અને તમે એથી પણ વધુ પ્રયત્ન કરતા રહો તો તમારું માથું દુઃખી આવે છે. આમાં એક જ વસ્તુ કરવાની હોય છે : શબ્દો સાથે ખેંચાણમાં ન ઊતરો, ફક્ત આવા બની રહો (શ્રી માતાજી લાંબા થઈને હાલ્યા ચાલ્યા વિના પડી રહ્યાનો અભિનય કરે છે), તમારામાં શિથિલતા ઉત્પન્ન કરો અને કેવળ વિશાળ, વિશાળ બનતા રહો. અને કંઈ પણ સમજવાનો પ્રયત્ન ન કરો; યાદ રાખો કંઈ પણ સમજવાનો પ્રયત્ન નથી કરવાનો,-કેવળ એને એમને એમ પ્રવેશ પામવા દો, તદ્દન હળવે રહીને, અને શિથિલ બની રહો, આ પ્રકારે હળવા બની રહેવાથી તમારું શિર દર્દ મટી જાય છે. તમે વિચાર કર્યા વિના કેટલાક દિવસ રાહ જુઓ છો અને થોડા દિવસો પછી તમને અંદરથી જણાય છે. 'આહ, વાત કેટલી બધી સ્પષ્ટ થઈ ગઈ છે, જે વસ્તુ હું સમજી શકતો ન હતો તે હવે મને બરાબર સમજાઈ ગઈ છે'. એ વસ્તુ એટલી બધી સરળ છે.

❀

અને આજકાલ જ્ઞાનતંતુઓના દર્દોને મટાડવા માટે આ પદ્ધતિઓનો ઉપયોગ પણ કરવામાં આવે છે. કોઈ માણસ અતિ ઉશ્કેરાટને કારણે તેમજ જ્ઞાનતંતુઓની નબળાઈને લીધે ઊંઘી ન શકતો હોય, એના જ્ઞાનતંતુઓ બિમાર અને નિર્બળ થઈ ગયા હોય ત્યારે એને એકવેરિયમની પાસે બેસાડવામાં આવે છે; સુંદર એકવેરિયમની પાસે એને લઈ જવામાં આવે છે. એ એકવેરિયમમાં સુંદર નાની નાની સોનેરી માછલીઓ હોય છે. એ વ્યક્તિને ત્યાં આરામ ખુરશીમાં બેસવાનું કહેવામાં આવે છે અને કોઈ પણ પ્રકારના વિચારો નહિ કરવાનું જણાવવામાં આવે છે. (એમની મુશ્કેલી વિશે તો ખાસ નહિ જ વિચારવાનું એમને કહેવામાં આવે છે)

પછી એમને તરતી માછલીઓનું નિરીક્ષણ કરવાનું જણાવવામાં આવે છે. આમ એ ભાઈ માછલીઓનું નિરીક્ષણ શરૂ કરે છે; માછલીઓ દોડતી હોય છે, એક છેડેથી બીજે છેડે આવ-જા કર્યે રાખે છે, તરતી રહે છે, એકબીજાને સામે મળીને પાસેથી ઝડપથી પસાર થતી રહે છે, આમ નિરંતર ચાલતું રહે છે, પાણી પણ ધીરે ધીરે વહેતું રહે છે અને માછલીઓ પણ ફરતી રહે છે. થોડીક વાર પછી એ માણસ માછલીમય બની જાય છે; એ પોતે આવ-જા શરૂ કરી દે છે, તરવા લાગે છે, ને રમવા લાગે છે. અને એક કલાકના સમયમાં એના જ્ઞાનતંતુઓ મજબૂત થઈ જાય છે અને સંપૂર્ણ આરામ પ્રાપ્ત થઈ જાય છે !

પણ આમાં મુખય શરત એ છે કે વ્યક્તિએ પોતાની મુશ્કેલીઓનો વિચાર નહિ કરવાનો અને માછલીઓનું નિરીક્ષણ કર્યે જવાનું.

❀

સાચો આરામ

જીવનમાં આપણને ઘણી વાર એવા માણસોનો ભેટો થતો રહે છે જેઓ સંઘર્ષથી ડરતા હોવાને લીધે શાંતિવાદી બની ગયા હોય છે. તેઓ વિશ્રામની આશા રાખતા હોય છે, પણ એની કિંમત ચૂકવ્યા વગર. તેઓ તેમણે કરેલી થોડીક પ્રગતિથી સંતુષ્ટ થઈ ગયા હોય છે, અને પોતાની કલ્પનાઓમાં તેમજ પોતાની ઇચ્છાઓ મુજબ તેઓ એ પ્રગતિને અદ્‌ભુત સાક્ષાત્કાર ગણી લે છે અને આમ અડધે રસ્તે રોકાઈ રહેવાના એમના વલણને વાજબી ઠેરવતા હોય છે.

❀

જેઓએ માનવજાતિને મૃતઃપાય કરી નાખી છે, અને માણસની આ જે દશા છે તે દશામાં એને લાવી મૂકયો છે એ એશઆરામી લોકોનો આદર્શ આ છે ''જુવાનીમાં કાર્ય કરી લો, ધન, મોભો, સત્તા, પ્રાપ્ત કરી

લો, દૂરંદેશી બનો, કરકસર કરો, થોડી બચત કરો ને મૂડી ઊભી કરો, જેથી ચાલીસ વર્ષની ઉંમર પછી તમે નિરાંતે 'બેસી રહી શકો', તમારી આવક અને પેન્શનનો ઉપયોગ કરી શકો તેમજ તમારી કમાએલી વિશ્રાંતિને માણી શકો.''

આનો અર્થ તો એ જ થાય કે 'બેસી રહો, માર્ગમાં અટકી જાઓ, પ્રગતિ ન કરો, સૂઈ જાઓ, મૃત્યુ પહેલાં જ તમારી કબરમાં પ્રવેશ કરી લો, જીવનનો હેતુ સિદ્ધ કરવાના પ્રયત્નો મૂકી દો,-બસ બેસી, રહો !!'

જે ક્ષણે માણસ પ્રગતિ કરતો અટકી જાય છે તે જ ક્ષણે તેની અધોગતિની શરૂઆત થઈ જાય છે. જે ક્ષણે વ્યક્તિ સંતોષ માની લઈ અભીપ્સા સેવવાનું બંધ કરે છે તે જ ક્ષણે એ મૃત્યુ પામવાની શરૂઆત કરી દે છે. જીવન એ ગતિ છે, પ્રયત્ન છે, આગેકૂચ છે, આરોહણ છે, ભાવિ સાક્ષાત્કારો પરત્વેનું એ આરોહણ છે, આરામ કરવાની વૃત્તિ કરતાં વધુ આપત્તિદાયક બીજી કોઈ વસ્તુ છે નહિ. કાર્યમાં, પ્રયત્નોમાં, આગેકૂચમાં જ આરામ પ્રાપ્ત કરી લેવો જોઈએ-એ આરામ તે ઈશ્વરની કૃપામાં સંપૂર્ણ વિશ્વાસનો આરામ, કામનાઓના અભાવનો આરામ, અહંકાર પરના વિજયનો આરામ.

ચેતનાને વિશાળ કરવાથી, વૈશ્વિક બનાવવાથી સાચો આરામ પ્રાપ્ત થાય છે. વિશ્વ જેટલા વિશાળ બની રહો અને તમે હંમેશા આરામ મેળવી શકશો. કાર્યમાં, યુદ્ધમાં, અને પ્રયત્નોમાં તમે અનંતતાનો તેમજ શાશ્વતીનો આરામ પ્રાપ્ત કરી શકશો.

શ્રી માતાજી

(CNM-Vol-4, PP 155-56, શ્રી માતૃવાણી ગ્રંથ-૧૨ પૃ-૭૮-૭૯,
CWM-Vol-4 PP 265-67, Vol-5, P-224 CWM Vol-9-P-65)

❀

પરિશિષ્ટ

૨૯ માર્ચ, ૧૯૧૪

શ્રી માતાજી ફ્રાંસથી પોંડિચેરી પધાર્યાં અને ૨૯ માર્ચ, ૧૯૧૪ના રોજ શ્રી અરવિન્દને એમના નિવાસસ્થાને મળ્યાં હતાં. બીજે દિવસે સવારે તેમણે પોતાની રોજનીશીમાં નીચે મુજબ લખાણ કર્યું હતું.

''જગતમાં ભલે હજારો લોકો અજ્ઞાનમાં ડૂબેલા હોય, એની ચિંતા નથી. ગઈ કાલે અમને જેનું દર્શન થયું તે પૃથ્વી ઉપર છે. એમની હાજરી પોતે જ એ વસ્તુને સિદ્ધ કરવાને પૂરતી છે કે એક દિવસ એવો આવવાનો છે કે જ્યારે ગહનમાં ગહન અંધકાર પ્રકાશમાં પલટાઈ જશે, અને પૃથ્વી ઉપર તારું (પ્રભુ) શાસન અવશ્ય સ્થપાશે.''

વર્ષ ૧૯૨૦ના અંત ભાગમાં ચંદ્રનગરથી પ્રસિદ્ધ થતા જર્નલના પ્રશ્નના ઉત્તર રૂપે શ્રી માતાજીએ નીચે મુજબ જણાવ્યું હતું :

પૃથ્વી ઉપર મારે જે કાર્ય કરવાનું હતું તે મારા જીવનકાર્ય વિશે હું ક્યારે અને કેવી રીતે સભાન બની ? અને હું ક્યારે અને કેવી રીતે શ્રી અરવિન્દને મળી ?

તમે મને આ બે પ્રશ્નો પૂછ્યા છે અને મેં તમને ટૂંકા ઉત્તરો આપવાનું કબૂલ્યું છે.

મારા જીવન કાર્ય વિશે હું કયારે સભાન બની તે કહેવું મુશ્કેલ છે. એમ કહી શકાય કે જન્મથી જ હું એ વિશે સભાન હતી; અને મન તથા બુદ્ધિશક્તિના વિકાસની સાથે સાથે ચેતનાની ચોકસાઈ અને સંપૂર્ણતાનો પણ વિકાસ થતો ગયો.

૧૧ થી ૧૩ વર્ષની ઉંમર દરમિયાન શ્રેણીબંધ ચૈતસિક તેમજ આધ્યાત્મિક અનુભવો દ્વારા મને એ દર્શન પ્રાપ્ત થયું હતું કે ઈશ્વરનું અસ્તિત્વ છે, અને એટલું જ નહિ પણ માનવ એની સાથે ઐક્ય સાધી શકે છે, પોતાની ચેતનામાં અને કાર્યમાં એનો પૂર્ણ સાક્ષાત્કાર પામી શકે છે. તેમજ દિવ્ય જીવન દ્વારા પૃથ્વી પર એનો આવિર્ભાવ કરી શકે છે એ રહસ્ય પણ મારી સમક્ષ પ્રગટ કરવામાં આવ્યું હતું. આ દર્શનની સાથે સાથે એની પરિપૂર્ણતા માટે જરૂરી એવી વ્યવહારુ સાધના પણ મને મારી ઊંઘ દરમિયાન અનેક શિક્ષકો દ્વારા આપવામાં આવતી. અને એ શિક્ષકોમાંના થોડાઘણાને હું પાછળથી ભૌતિક કક્ષાએ મળી પણ હતી.

પછીથી, જેમ જેમ આંતરિક તેમજ બાહ્ય વિકાસ સધાતો ગયો તેમ તેમ તે શિક્ષકોમાંના એક સ્વરૂપ સાથેનો મારો આધ્યાત્મિક તેમજ ચૈતસિક સંબંધ સ્પષ્ટ થતો ગયો અને એ હંમેશનો બની ગયો. તે સમયે ભારતીય તત્ત્વજ્ઞાન તેમજ ભારતના ધર્મો વિશેનું મારું જ્ઞાન અલ્પ હોવા છતાં એ સ્વરૂપને હું અંતઃપ્રેરણાથી કૃષ્ણ તરીકે ઓળખવા લાગી અને ત્યાર બાદ મને એ જ્ઞાત થઈ ગયું હતું કે તેમની સાથે જ મારે ઈશ્વરનું કાર્ય કરવાનું છે (અને તેમને એક દિવસ હું પૃથ્વી ઉપર જરૂર મળીશ એની પણ મને ખાતરી હતી)

૧૯૧૦માં મારા પતિ એકલા પોંડિચેરી આવ્યા હતા અને ખૂબ જ રસપ્રદ તેમજ વિશિષ્ટ સંજોગોમાં તેઓએ શ્રી અરવિન્દનો પરિચય સાધ્યો હતો. તે સમયથી જ અમે બંને ભારત દેશ-જે દેશને મેં હંમેશા મારી સાચી માતૃભૂમિ તરીકે માન્યો છે-માં પાછા ફરવાની તીવ્ર ઇચ્છા ધરાવતાં હતાં. અને ૧૯૧૪માં મને એ આનંદની પ્રાપ્તિ કરાવવામાં આવી.

શ્રી અરવિન્દનાં દર્શન કરતાંની સાથે જ મેં તેમની અંદર હું જે આત્મીય સ્વરૂપને કૃષ્ણ કહેતી હતી તે સ્વરૂપને ઓળખી લીધું.... મને જે સંપૂર્ણ ખાતરી થઈ ચૂકેલી છે કે મારું સ્થાન અને મારું કાર્ય અહીં, ભારતમાં તેઓની પાસે જ છે તેની સમજૂતી આપવા માટે આટલું પૂરતું છે.

એપ્રિલ ૪, ૧૯૧૦

શ્રી અરવિન્દે 'રાજકીય ક્ષેત્રમાં પ્રવેશ કર્યો અને ૧૯૦૩ થી ૧૯૧૦ સુધી એ ક્ષેત્રમાં તેમણે કાર્ય કર્યું એની પાછળ એમનો એક માત્ર હેતુ લોકોના મનમાં, તે સમયની કોંગ્રેસની નકામી અને રગશિયા નીતિઓના સ્થાને સ્વતંત્રતા માટેનો દૃઢ સંકલ્પ તથા સ્વતંત્રતા પ્રાપ્ત કરવા માટે જરૂરી એવો સંઘર્ષ કરવાની ભાવના સ્થાપિત કરી આપવી એ હતો.' એ કાર્ય સિદ્ધ કરીને તેઓ ૪ એપ્રિલ, ૧૯૧૦ના રોજ માનવજાતિની આધ્યાત્મિક ઉત્ક્રાંતિના નૂતન તબક્કાની શરૂઆત કરાવવા, પોંડિચેરી પહોંચી ગયા હતા.

પોંડિચેરી એ 'તપસ્યાની ભૂમિ' 'યજ્ઞવેદી' બની રહી હતી, અને એ સમયે 'વેદપુરી' તરીકે ઓળખાતી હતી.

શ્રી નલિનીકાન્ત ગુપ્તનાં લખાણોમાં એ અંગે નીચે મુજબ ઘટઃસ્ફોટ થયેલો જોવા મળે છે :

'તે દિવસોમાં પોંડિચેરીની College de france માં Jouveau Dubreuil નામક એક ફ્રેંચ પ્રોફેસર હતા – પાછળથી તેઓ ખૂબ જ પ્રસિદ્ધિ પામ્યા હતા – એ પ્રોફેસર તે સમયે પુરાણ સમયના ઇતિહાસ તથા આર્કિયોલોજીના વિષયમાં સંશોધનનું કાર્ય કરતા હતા. અમે એમને સારી રીતે ઓળખતા હતા. તેઓ પોંડિચેરીના પહેલાંના ઇતિહાસ વિશે તે દિવસોમાં સંશોધનકાર્ય કરી રહ્યા હતા. પુરાણા દસ્તાવેજો અને શિલાલેખો પરથી તેમણે એ શોધી કાઢ્યું હતું કે પોંડિચેરી એક સમયે વેદનું શહેર–વેદ–પુરી–તરીકે ઓળખાતું હતું. પોંડિચેરી વેદના અભ્યાસ માટેનું કેન્દ્ર હતું. અને એ વૈદિક કોલેજ હાલના આપણા આશ્રમના મુખ્ય મકાનના સ્થાને જ સ્થાપિત થયેલી હતી એવું એ પ્રોફેસરે પુરાણા નકશાઓ અને બીજી માહિતીઓના આધારે શોધી નાંખ્યું હતું.

પુરાણી પ્રણાલિ મુજબ ઋષિ અગસ્ત્ય દક્ષિણ ભારતમાં વૈદિક જ્ઞાન અને આર્ય સંસ્કૃતિના પ્રસાર કાર્ય માટે આવ્યા હતા. દ્રાવિડ સંસ્કૃતિમાં આર્ય સંસ્કૃતિના પ્રવેશનો ઋષિ અગસ્ત્યનો એ સૌ પ્રથમ પ્રયત્ન હતો. અહીં બંગાળી કવિ, હેમેન્દ્રની પેલી પંક્તિઓ તમારામાંના ઘણા લોકોને પ્રત્યક્ષ થતી હશે.

જાગો, હે પર્વતરાજ જાગો,
અગસ્ત્ય પાછા આવી રહ્યા છે;
એક નૂતન સંકેત પ્રસરી રહ્યો છે,
પ્રકાશની ભરતીનો વેગીલો પ્રવાહ વહી રહ્યો છે;
અને જુઓ, આકાશ સૂર્યના નૂતન વૈભવને ધારણ કરી રહ્યું છેઃ
આ પ્રકાશને ધારણ કરો, પર્વતરાજ,
જેથી એ પ્રકાશ આ ધરા પર નૂતન ઉષાને પ્રસરાવે,
આ ધરા નૂતન જ્ઞાનને ધારણ કરે,
આપણે સૌ એક નૂતન સ્વપ્ન સેવીએ.
હે પર્વતરાજ, તમારા આસમાની રક્ષકને ઉન્નત કરો.

પુરાણકથા મુજબ અગસ્ત્ય જ્યારે દક્ષિણ દિશામાં આગળ વધી રહ્યા હતા ત્યારે વિંધ્યાચળ એમને માર્ગ કરી આપવા નીચો નમી ગયો હતો અને અગસ્ત્ય જ્યાં સુધી પાછા ના ફરે ત્યાં સુધી એ પર્વતમાળાઓ એ જ અવસ્થામાં રહેવાની હતી. વૈદિક ઋષિ અગસ્ત્યની આ વાર્તાના અનુસંધાનમાં આપણને શ્રી અરવિન્દના પ્રયત્નનું સ્મરણ આપોઆપ થઈ આવે છે. અગસ્ત્યની માફક શ્રી અરવિન્દે દક્ષિણનો પ્રવાસ કર્યો અને દક્ષિણમાં જ પોતાનું સ્થાન–નૂતન પ્રકાશને પ્રસરાવવા માટે કાયમ માટે નિશ્ચિત કરી દીધું – અને દક્ષિણ ભારતમાં તેઓ ઉત્તર યોગી – ઉત્તર ભારતના યોગી – તરીકે ઓળખાયા હતા.

શ્રી અરવિન્દની સાધના તેમ જ એમની કાર્યપદ્ધતિમાં – કંઈ નહિ તો એક બાબતમાં – અગસ્ત્યના પ્રયત્નો સાથે આશ્ચર્યજનક સામ્ય આપણને જોવા મળે છે. અગસ્ત્ય વર્ષો સુધી પૃથ્વીમાં ઊંડે ઊંડે, અવચેતનના ઊંડા ગર્તોમાં ગતિ કરી રહ્યા હતા કારણ કે તેઓ બંને જગતો – પૃથ્વી અને સ્વર્ગ – નું સંવર્ધન કરી રહ્યા હતા. અગસ્ત્ય અને એમના સહયોગી લોપામુદ્રા અહીં, આ પૃથ્વી ઉપર જ વિજય પ્રાપ્ત કરવાના પ્રયત્નોમાં લાગેલા હતા.'

વૃત્ત વિશેષ

સભ્યપદના લવાજમમાં વધારો :- છેલ્લાં ત્રણ વર્ષ દરમિયાન થયેલા ભાવવધારાને લઈને સોસાયટીના સભ્યપદ-લવાજમમાં વધારો કરવામાં આવ્યો છે. આ અંકના મુખપૃષ્ઠ નં. ૩ ઉપર આ અંગેની વિગતો છાપવામાં આવી છે.

- ☆ ૧, માર્ચ, ૨૦૦૯ બાદ જે અરજીઓ મળશે તેને નવા દર લાગુ પડશે.
- ☆ હાલના સભ્યો માટે નવા દર માત્ર Renewal સમયે લાગુ પડશે.
- ☆ મેગેઝીન સિવાયના સભ્યપદને તાત્કાલિક અસરથી રદ કરવામાં આવ્યું છે.
- ☆ સભ્યપદ વગરના લવાજમનો દર સભ્યપદ સહિતના લવાજમ જેટલો જ રહેશે. જે ગ્રાહકોને સભ્યપદ મેળવી લેવું હોય તે હેડ ઓફિસને Renewal વખતે એ મુજબ વિનંતિ કરી સભ્યપદ ફોર્મ ભરી શકે છે.

❋

સોસાયટી બીચ ઓફિસ, પોંડિચેરી મુકામે ૨૧ થી ૨૩ નવેમ્બર, ૨૦૦૮ દરમિયાન Women's Council દ્વારા વાર્ષિક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમિનારનો વિષય હતો : 'Organisation of Action in lIfe'.

❋

તા. ૨૩ થી ૩૦ જાન્યુ. ૨૦૦૯ દરમિયાન શ્રી અશ્વિનભાઈ કાપડિયાએ શ્રી અરવિન્દ નિવાસ, વડોદરા મુકામે 'સાવિત્રી સપ્તાહ' અંતર્ગત પોતાનાં વક્તવ્યો રજૂ કર્યાં. શ્રી અંબાપ્રેમીજીના નિર્વાણ દિન નિમિત્તે સપ્તાહનું આયોજન થયું છે તેનો ઉલ્લેખ કરી શ્રી અશ્વિનભાઈએ શ્રી અંબાપ્રેમીજીને એમના આ જન્મશતાબ્દી વર્ષમાં યોગ્ય અંજલિ અર્પી હતી. શ્રી અંબાપ્રેમીજીના સુપુત્રો દ્વારા આ પ્રસંગે શ્રી અરવિન્દ ને શ્રી માતાજીની છબી સહિતની ફ્રેમ યાદગીરી રૂપ સૌ સ્નેહીજનોને આપવામાં આવી.

❋

નવું પ્રકાશન : સાવિત્રી શબ્દકોશ (મૂળ અંગ્રેજી શબ્દ, શબ્દસમૂહોના ગુજરાતી, હિન્દી અર્થો) પ્રથમ-ખંડ-પર્વ-૧, સર્ગ-૧,૨) સંપાદક : ડૉ. પરમ પાઠક, ડૉ. રમણલાલ પાઠક - પ્રકાશક : શ્રી અરવિન્દ કેન્દ્ર, બ્રાહ્મણ ફળિયા, તરસાલી, વડોદરા-૩૯૦ ૦૦૯. ફોન - ૨૬૫૫૮૩૯ (૦૨૬૫) ડૉ. રમણલાલ પાઠક અને એમનું કુટુંબ સાવિત્રી પ્રેમી છે.

૧૯૭૮ થી એમના કુટુંબમાં 'સાવિત્રી' નો સહપાઠ, સ્વાધ્યાય, મનન, ચિંતન નિયમિતપણે થતું રહે છે. એમના એ અભ્યાસના પરિપાક રૂપે આ અમૂલ્ય પ્રકાશન શ્રી અરવિન્દ પરિવારને પ્રાપ્ત થયું છે. પ્રથમ ખંડના પર્વ-૧ ને ૨ ના શબ્દસમૂહોના ગુજરાતી હિન્દી અર્થો આ પુસ્તકમાં સમાવાયા છે. સમગ્ર 'સાવિત્રી' ના શબ્દો, શબ્દસમૂહોના ગુજરાતી / હિન્દી અર્થો આપવાનો તેઓનો સંકલ્પ છે. 'સાવિત્રી' ના અભ્યાસુઓ માટે આ અતિશય સુંદર કાર્ય થયું છે. આ ભવિષ્યનું કાર્ય છે. ભાઈ પરમ પાઠક અને ડૉ. રમણલાલ પાઠક તથા તેમનો સમગ્ર પરિવાર આપણા અભિનંદનના અધિકારી બન્યા છે. પૃષ્ઠ સંખ્યા : ૧૫૦. પુસ્તકની કિંમત રૂા. ૧૦૦/- છે. પુસ્તક પ્રાપ્તિ માટે પ્રકાશકનો સંપર્ક કરવો. તરસાલી કેન્દ્રને આ પ્રકાશનકાર્યમાં આર્થિક સહાયની જરૂર છે. રસ ધરાવનારે ડૉ. રમણલાલ પાઠકનો સંપર્ક કરવો.

સાભાર સ્વીકાર - સદાય વસંત : લે. જ્યોતિ થાનકી, પ્રકાશક : શ્રી અમર હરકીશન શાહ. નિવૃત્તિ વેળાએ નિવૃત્ત થનાર વ્યક્તિને જીવનની સભરતાનો ખ્યાલ કરાવી આપતું લખાણ જ્યોતિબહેને શ્રી હરકીશન શાહના ૬૧મા જન્મદિન નિમિત્તે કરી આપ્યું છે. પૃષ્ઠ સંખ્યા ૪૮. સુંદર મુખપૃષ્ઠ - પ્રાપ્તિ સ્થાન - શ્રી અરવિન્દ મેમોરિયલ ટ્રસ્ટ, શ્રી અરવિન્દ નિવાસ, દાંડિયા બજાર, વડોદરા - ૩૯૦ ૦૦૧.

જાહેરાત

તા. ૦૪.૦૪.૨૦૦૯, શ્રી અરવિન્દના પોંડિચેરી ગમનની શાતાબ્દીની ઉજવણીની શરૂઆતરૂપે શ્રી અરવિન્દ નિવાસ, વડોદરામાં તે દિવસથી ૭ દિવસના 'દિવ્ય જીવન' પુસ્તકના અભ્યાસસત્રોનું આયોજન કરવામાં આવશે. શ્રી શરદભાઈ જોષી રોજ સાંજે ૬-૩૦ વાગ્યાથી સત્રોનું સંચાલન કરશે. સર્વેને લાભ લેવા નિમંત્રણ છે.

❋

પ્રતિવર્ષ નૈનિતાલ મુકામે યોજાતા 'યુવાશિબિરો' નું આયોજન આ વર્ષે ૨૭ એપ્રિલ થી ૯ મે, ૫ મે થી ૧૮ મે, ૧૩ મે થી ૨૫ મે, ને ૨૧ મે થી ૨ જૂન દરમિયાન કરવામાં આવ્યું છે. ૧૩ થી ૩૦ વર્ષની વ્યક્તિ માટે શિબિર ફી છે. રૂા. ૫૭૦૦. ૩૦ વર્ષથી ઉપરની વ્યક્તિ માટે રૂા. ૬૨૦૦. રસ ધરાવનારે સોમથી શુક્ર - સવારે ૧૧ વાગ્યે, ને રવિવારે સાંજે ૫ થી ૭ દરમિયાન શ્રી અરવિન્દ નિવાસ, વડોદરા મુકામે અભીપ્સુ યુવાવર્તુળના કન્વીનરનો સંપર્ક કરવો. ફોન : ૨૪૧૨૬૮૫ (૦૨૬૫)

Mirambika
TEACHER EDUCATION INSTITUTE
Research Centre for Integral Education and Human Values
(A unit of Sri Aurobindo Education Society)

Sri Aurobindo Ashram - Delhi Branch
New Delhi - 110016

Announcing the Academic Session, 2009-2012
3 years Training Course Content-Starting 15th July 2009

- Education & Principles of Education
- Free Progress Learning
- Integral Five-fold Education & Free Progress Learning
- Study of Psychology & Principles
- Planning, Implementation and Evaluation
- Resources Management & Development of skills
- Language & Communication
- Theatre, Music, Art in Education, Physical Education

Duration of the Course : 3 years
Eligibility : (Basic knowledge of English essential.)
a) Nursery Teacher Education : Class XII
b) Elementary Teacher Education : Graduation
Application Procedure : Application forms are available on payment of Rs. 50/- either by cash or DD.

Fess : No fees are charged since the course is based upon a spiritual philosophy. Free board & lodging is also provided.

Date to remember :- 20th May 2009 Last date for submission of the forms. You can apply even if you are waiting for your final results.

Selection : Selection will be done at a camp in Nainital in the month of June 2009 at the end of which the final selection will be done.

For further information :
Contact : 011-2656-7863 / 2686-3741 or
E-mail to us at : aurobindo@vsnl.com

Matter shall reveal the Spirit's face

Sri Aurobindo

વિશ્વમાં જે કાંઈ થઈ રહ્યું છે તેમાં પ્રભુ પોતાની દિવ્ય શકિત દ્વારા સઘળાં કર્મોની પાછળ રહે છે. પરંતુ પોતાની યોગમાયા વડે ત્યાં તે આવરિત રહે છે અને જીવના અહં મારફત અવિદ્યા પ્રકૃતિમાં તે કાર્ય કરે છે.

યોગસાધનામાં પણ ભગવાન પોતે જ સાધક છે અને તે પોતે સાધના પણ છે; પ્રભુની જ શકિત પોતાની જ્યોતિ, શક્તિ, જ્ઞાન, ચેતના, અને આનંદ વગેરે તત્ત્વોનો પ્રયોગ કરીને સાધકના આધાર ઉપર કાર્ય કરે છે તેને લઈને, તથા જ્યારે સાધકનો આધાર તેના પ્રત્યે ખુલ્લો થાય છે ત્યારે તેની અંદર પોતાની દિવ્ય સંપત્તિઓ સહિત પ્રભુની શક્તિ અવતરણ કરે છે તેને લઈને સાધના શક્ય બને છે. પરંતુ જ્યાં સુધી સાધકની અધોમુખ પ્રકૃતિ સક્રિય હોય છે ત્યાં સુધી સાધકનો અંગત પ્રયત્ન આવશ્યક છે.

શ્રી અરવિન્દ

(મા પુસ્તક - પૃષ્ઠ - ૧૦-૧૧)

Revision of the Soceity's membership Subscription

With effect from 1st April 2009

	In India	Outside India	
		Air-mail	Sea-mail
Member with magazine	**Rs.**	**(US$ or equivalent)**	
One Year	150.00	25	15
Three Years	440.00	75	45
Five years	730.00	125	75
Donor Member			
Ten Years	3000.00	375	-
Contributing Member			
One Year	300.00	80	-
Cont. Donor Member			
15 Years	10,000.00	1000	-

When you send money to the Society it is preferable to send it by a bank demand draft (crossed, a/c payee in favour of **Sri Aurobindo Society,** payable at Pondicherry) along with covering letter specifying (a) the purpose for which it is sent, (b) your name and full address in capital letters and (c) your membership/sub-scriber number, if it is for a renewal of the membership. If you send any money through Money Order, please do write the above three details in the communication space provided in the form. the M.O. should be payable to "Sri Aurobindo Society" and should not be in the name of any particular person.

(અંક ૦૬ : વર્ષ ૩૩)
વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦ છૂટક અંક : રૂા. ૧૫
Regd. No. VDR-E/104/2006-2008

આત્માનો સારો યે સંકલ્પ જ્યારે પરમાત્માને પામવાને માટે કટિબદ્ધ બને છે, ત્યારે પછી તેની સામે કશું યે ટકી શકતું નથી.

- શ્રી અરવિન્દ

✻

શ્રી અરવિન્દ સોસાયટી, પોંડિચેરીની માસિક પત્રિકા
છૂટક અંકની કિંમત **રૂા. ૧૫-૦૦**
વાર્ષિક લવાજમ ભારતમાં **રૂા. ૧૫૦** આજીવન **રૂા. ૧૨૦૦**
વિદેશ માટે-હવાઇ માર્ગે
અમેરિકન **ડોલર ૨૫** વાર્ષિક
દરિયાઈ માર્ગે, અમેરિકન **ડોલર ૧૫**

તંત્રી : **શ્રી કિરીટકુમાર ઇન્દ્રવદન ઠક્કર**

© શ્રી અરવિન્દ આશ્રમ ટ્રસ્ટ, પોંડિચેરી-૬૦૫૦૦૨

પ્રકાશક :

શ્રી હંસકુમાર બી. માંકડ, અધ્યક્ષ,
શ્રી અરવિન્દ સોસાયટી, શ્રી અરવિન્દ નિવાસ,
દાંડિયા બજાર, વડોદરા. ફોન : ૨૪૧૨૬૮૫
E-mail : sas@auronivas.org
વેબસાઈટ : www.auronivas.org

મુદ્રણસ્થાન : **કૈલાસ પ્રિન્ટરી,** ડી-૧૨, સરદાર એસ્ટેટ,
આજવા રોડ, વડોદરા. ફોન નં. ૨૫૬૨૦૯૮

✻